# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05.09.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

**************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે શિક્ષક દિવસે શિક્ષકોને તેમના જ્ઞાનનો વિસ્તાર કરવા, નવી ટેકનોલોજી અપનાવી નવીન શિક્ષણ પદ્ધતિઓનો ઉપયોગ કરવા હાકલ કરી.

2) રાષ્ટ્રપતિ આજે 48 શાળા શિક્ષકો અને 21 અધ્યાપકોને રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કારો અર્પણ કરશે.

3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં શ્રી રામ કોલેજ ઓફ કોમર્સ SRCCના શતાબ્દી સમારોહમાં સંબોધન કરશે.

4) વિદેશ મંત્રીએ જણાવ્યું કે, ભારત રશિયા અને યુક્રેન સંઘર્ષ સમાપ્ત કરવામાં મદદ કરી શકે એવા ઉપાય શોધી રહ્યું છે.

5) ગુજરાતના અમદાવાદમાં વિશ્વ તીરંદાજી પેરા સિરીઝ 2026નો ત્રીજા તબક્કાનો આજથી આરંભ.

6) મહિલા ક્રિકેટમાં આજે T20 એશિયા કપની મેચમાં ભારત પાકિસ્તાન સામે ટકરાશે.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PREZ-TEACHERS DAY AWARD

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે શિક્ષક દિવસ પ્રસંગે શિક્ષકોને સતત તેમના જ્ઞાનનો વિસ્તાર કરવા, નવી ટેકનોલોજી અપનાવવા અને નવીન શિક્ષણ પદ્ધતિઓનો ઉપયોગ કરવા હાકલ કરી.

રાષ્ટ્રપતિએ જણાવ્યું કે શિક્ષકો વિદ્યાર્થીઓની પ્રતિભાને પોષવામાં અને તેમના ચારિત્ર્યના નિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેમણે વિદ્યાર્થીઓમાં સ્વતંત્ર વિચારસરણી અને જિજ્ઞાસાની ભાવનાને પ્રોત્સાહન આપવા અનુરોધ કર્યો. રાષ્ટ્રપતિએ તમામ સમર્પિત શિક્ષકોના યોગદાન બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરી. તેમણે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને શિક્ષણવિદ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનને શ્રદ્ધાંજલિ આપી, તેમને એક મહાન શિક્ષક ગણાવ્યા.

આજે દેશભરમાં શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. મહાન શિક્ષણવિદ અને ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતિ પ્રસંગે દેશભરમાં પાંચમી સપ્ટેમ્બરે શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવે છે.

અમારા સવાંદદાતાનો અહેવાલ સાંભળીએ.......

VC: ANUPAM MISHR

# PM-SRCC ADDRESS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં શ્રી રામ કોલેજ ઓફ કોમર્સ SRCCના શતાબ્દી સમારોહમાં ઉપસ્થિત રહેશે. તેઓ આ પ્રસંગે સંબોધન પણ કરશે. દિલ્હી યુનિવર્સિટીની એક કોલેજ SRCC દેશની અગ્રણી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાંની એક છે. જે વાણિજ્ય, અર્થશાસ્ત્ર અને મેનેજમેન્ટના અભ્યાસક્રમો પ્રદાન કરે છે.

આ કોલેજની સ્થાપના 1926 માં ઉદ્યોગપતિ અને સમાજસેવી સર શ્રી રામ દ્વારા કરવામાં આવી હતી. છેલ્લા સો વર્ષોમાં સંસ્થાએ અસંખ્ય વિદ્વાનો, વ્યાવસાયિકો અને રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપનાર પ્રતિભાઓનું સર્જન કર્યું છે.

# JOSHI-TEACHERS AWARD

કેન્દ્રીય શિક્ષણ મંત્રી પ્રહલાદ જોશીએ ગઈકાલે સાંજે રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કાર 2026 ના વિજેતાઓ સાથે વાત કરી હતી. શ્રી જોશીએ કહ્યું હતું કે શિક્ષકોએ બાળકોને 2047 સુધીમાં વિકસિત ભારતના નિર્માણમાં યોગદાન આપવા માટે તૈયાર કરવા જોઈએ.

શ્રી જોશીએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ દેશની સૌથી મોટી શક્તિ છે અને તેમને દરેક ક્ષેત્રમાં સશક્ત બનાવવા માટે કાર્ય કરવું જોઈએ. શ્રી જોશીએ પુરસ્કાર વિજેતાઓના સન્માનમાં રાત્રિભોજનનું પણ આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં શિક્ષણ રાજ્યમંત્રી જયંત સિંહ અને ડૉ. સુકાંત મજુમદાર પણ હાજર રહ્યા હતા.

# VP-CHENNAI

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન આજે ચેન્નાઈની એક દિવસની મુલાકાતે છે. આ મુલાકાત દરમિયાન તેઓ હૃદય સંબંધિત રોગોની સારવારમાં સુધારો કરવા પર કેન્દ્રિત રાષ્ટ્રીય શૈક્ષણિક પરિષદ ઈન્ડિયા વાલ્વ્સ 2026માં ઉપસ્થિત રહેશે. ઉપરાષ્ટ્રપતિ ગિન્ડીમાં ઈન્ડિયા વાલ્વ રજિસ્ટરનો પણ આરંભ કરાવશે.

આ ઉપરાંત, તેઓ વલ્લુવર કોટ્ટમ ખાતે દિનામલાર સમાચારપત્રના પ્રકાશનની 75મી વર્ષગાંઠ નિમિત્તે એક સ્મારક ટપાલ ટિકિટના વિમોચનમાં ઉપસ્થિત રહેશે.

# HM-GOA VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી ગોવાની ત્રણ દિવસની મુલાકાતે છે. આવતીકાલે તેઓ ગોવા સંબંધિત બાબતો અંગે ગૃહ મંત્રાલયના વિવિધ વિભાગો સાથે બેઠકની અધ્યક્ષતા કરશે. બાદમાં તેઓ નશીલા પદાર્થ અંગે એક પત્રકાર પરિષદને સંબોધશે.

સાંજે, શ્રી શાહ અટલ ભવનમાં નવા બનેલા ભાજપ રાજ્ય કાર્યાલય ભવનનું ઉદ્ઘાટન કરશે. તેઓ પક્ષની રાજ્ય કોર સમિતિની બેઠકની અધ્યક્ષતા પણ કરશે. સોમવારે ગૃહમંત્રી પશ્ચિમ ઝોનલ કાઉન્સિલની બેઠક અને ગોવા પોલીસના રાષ્ટ્રપતિ પોલીસ ધ્વજ સન્માન સમારોહમાં હાજરી આપશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# MORN JAISHANKAR-RUSSIA-UKRAINE

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે જણાવ્યું છે કે ભારત રશિયા અને યુક્રેન બંને સાથે સતત સંપર્કમાં છે. ભારત એવા સૂચનો પર વિચાર કરી રહ્યું છે જે સંઘર્ષ ઘટાડવા અથવા સમાપ્ત કરવામાં મદદ કરી શકે. વોર્સોમાં પોલેન્ડના વિદેશ મંત્રી રાડોસ્લાવ સિકોર્સ્કી સાથેની વાતચીત બાદ તેમણે જણાવ્યું હતું કે યુદ્ધમાં કોઈ વિજેતા નથી બનતું. યુદ્ધથી જાનમાલનું નુકસાન થાય છે અને વિશ્વ પર આર્થિક બોજ વધે છે.

ડૉ. જયશંકરે સંઘર્ષનો અંત લાવવા માટે વાતચીત અને રાજદ્વારી પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે ભારત સંઘર્ષનો અંત લાવવા માટે તમામ શક્ય સહાય પૂરી પાડવા માટે તૈયાર છે.

ડૉ. જયશંકરે પોલેન્ડ સાથે વેપાર, રોકાણ, સંરક્ષણ અને ખોરાક, ઇંધણ અને ખાતર સુરક્ષા જેવા મુદ્દાઓ પર પણ ચર્ચા કરી હતી. આ અગાઉ તેમણે યુક્રેનની મુલાકાત લીધી હતી અને રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકી સહિત ટોચના નેતાઓ સાથે મુલાકાત કરી હતી.

# WORLD ARCHERY PARA SERIES

ગુજરાતના અમદાવાદમાં વિશ્વ તીરંદાજી પેરા સિરીઝ 2026નો ત્રીજા તબક્કાનો આજથી આરંભ થઈ રહ્યો છે. જેમાં 19 દેશોના 105 ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. ભારત પહેલીવાર આ સ્પર્ધાનું આયોજન કરી રહ્યું છે. આ સ્પર્ધા અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ પર યોજાશે અને 9 સપ્ટેમ્બર સુધી ચાલશે. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે ગઈકાલે સાંજે વર્ચ્યુઅલી આ સ્પર્ધાનું ઉદ્ઘાટન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ભારત આગામી વર્ષોમાં રમતગમતનું મુખ્ય કેન્દ્ર બનશે. અમદાવાદમાં

દરમ્યાન આ સ્પર્ધામાં 29 સભ્યોની ભારતીય ટીમ ભાગ લઈ રહી છે, જેમાં પેરિસ પેરાલિમ્પિક મેડલ વિજેતા શીતલ દેવી, રાકેશ કુમાર અને હરવિંદર સિંહનો સમાવેશ થાય છે. આ સ્પર્ધા રિકર્વ, કમ્પાઉન્ડ, W-1 અને V-1 એમ ચાર શ્રેણીઓમાં યોજાઇ રહી છે. શ્રેણીનો પ્રથમ તબક્કો એપ્રિલમાં બેંગકોકમાં યોજાયો હતો, બીજો તબક્કો ચેકિયામાં યોજાયો હતો. શ્રેણીનો ચોથો અને અંતિમ તબક્કો ઓક્ટોબરમાં ચિલીના સેન્ટિયાગોમાં યોજાશે.

# CRICKET-WOMEN'S ASIA CUP

મહિલા ક્રિકેટમાં આજે T20 એશિયા કપની ગ્રુપ A ની છેલ્લી મેચમાં ભારત પાકિસ્તાન સામે ટકરાશે. આ મેચ રાત્રે 8 વાગ્યે દુબઈ ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે શરૂ થશે. ભારત થાઇલેન્ડ અને હોંગકોંગને હરાવીને સેમિફાઇનલમાં સ્થાન મેળવી ચૂક્યું છે. ભારત હવે પાકિસ્તાનને હરાવીને સતત ત્રીજી જીત મેળવવા માટે પ્રયત્ન કરશે.

દરમિયાન પાકિસ્તાને અત્યાર સુધી ફક્ત એક જ મેચ રમી છે, જેમાં તેણે થાઇલેન્ડને હરાવ્યું છે. તેના બે પોઈન્ટ છે અને સેમિફાઇનલમાં પહોંચવા માટે તેને બાકી રહેલી મેચોમાંથી એક પોઈન્ટની જરૂર છે.

ગઈકાલે રાત્રે, યજમાન સંયુક્ત આરબ અમીરાતએ ઇન્ડોનેશિયાને છ વિકેટથી હરાવ્યું. ઇન્ડોનેશિયાએ 71 રન બનાવ્યા, જવાબમાં UAE એ 13 ઓવર અને એક બોલમાં ચાર વિકેટે 75 રન બનાવીને મેચ જીતી લીધી.

# NTA-NET ADMIT CARDS

રાષ્ટ્રીય પરીક્ષા એજન્સીએ જૂન 2026 માં યોજાયેલી UGC નેટની અંગ્રેજી, વાણિજ્ય અને સમાજશાસ્ત્રની પુનઃપરીક્ષાના પેપર માટે પ્રવેશપત્રો જાહેર કર્યા છે. આ વિષયના ઉમેદવારો UGC-નેટ વેબસાઇટ પર લોગ ઇન કરીને તેમના પ્રવેશપત્રો ડાઉનલોડ કરી શકે છે.

અંગ્રેજી પરીક્ષા નવમી સપ્ટેમ્બરે સવારે 9 થી બપોરે 12 વાગ્યા સુધી જ્યારે વાણિજ્ય પરીક્ષા તે જ દિવસે બપોરે 3 થી સાંજે 6 વાગ્યા સુધી યોજાશે. સમાજશાસ્ત્રની પરીક્ષા 10 સપ્ટેમ્બરના રોજ સવારે 9 થી બપોરે 12 વાગ્યા સુધી યોજાશે. કેટલીક પેપર ભૂલોની ફરિયાદોને પગલે આ ત્રણેય વિષયોની પુનઃપરીક્ષાઓ લેવામાં આવી રહી છે.

# NEPAL-INDIAN EVACUEES

વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે નેપાળના પૂરગ્રસ્ત ત્રિશુલી બજાર વિસ્તારમાંથી વધુ ત્રણ ભારતીય નાગરિકોને બચાવી લેવામાં આવ્યા છે. જેમાં એક પાંચ વર્ષનો બાળક પણ શામેલ છે. આ સાથે બચાવાયેલા ભારતીયોની કુલ સંખ્યા 179 થઈ છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે 275 ભારતીય નાગરિકો હજુ પણ ગુમ છે. દરમિયાન એક હજાર 907 ભારતીયો ચીનથી સુરક્ષિત રીતે નેપાળ પહોંચ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે કાઠમંડુમાં ભારતીય દૂતાવાસ બચાવેલા ભારતીયોને હવાઈ માર્ગે સ્વદેશ પરત ફરવામાં મદદ કરી રહ્યું છે. નેપાળમાં પૂર બાદ ભારતે અત્યાર સુધીમાં આશરે 95 ટન રાહત સામગ્રી મોકલી છે.

દરમિયાન, નેપાળમાં પૂરથી મૃત્યુઆંક વધીને એક હજાર 295 થયો છે. બચાવ ટીમોએ બાર હજારથી વધુ લોકોને બચાવ્યા છે, જ્યારે આશરે પાંચ હજાર ગુમ છે.